For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્કૂલ વિવાદ મામલે પ્રાદેશિક કાર્યાલય બેંગલોર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો

# અટલાદરા ટ્રી હાઉસ સ્કૂલની માન્યતા રદ કરાઈ બાળકોને નજીકની સીબીએસઈ શાળામાં ટ્રાન્સફર કરાશે

**બારોબર** પ્રોપર્ટી વેચવાના ષડયંત્રના પર્દાફાશ બાદ લેન્ડ ગ્રેબિંગ અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાઈ હતી

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેરની અટલાદરાની ટ્રી હાઉસ સ્કૂલ વિવાદ મામલે પ્રાદેશિક કાર્યલય બેંગલોર દ્વારા આ સ્કૂલની માન્યતા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્કૂલ સામે અગાઉ લેન્ડ ગ્રેબિંગ અને વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ હતી. આખરે આ સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી છે.

વડોદરાના અટલાદરા ખાતે આવેલી ટ્રી હાઉસ હાઈસ્કૂલ છેલ્લા કેટલાય સમયથી વિવાદોમાં ઘેરાયેલી હતી. આ સ્કૂલ બારોબર પ્રોપર્ટી વેચવાના ષડયંત્રના પર્દાફાશ બાદ લેન્ડ ગ્રેબિંગ અને છેતરપિંડી અંગેની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચે નોંધી કાર્યવાહી હાથધરી હતી. આજે આ સ્કૂલની માન્યતા રદ થતા આ સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ 9 અને 11ના બાળકોને નજીકની સીબીએસસી સ્કૂલમાં ટ્રાન્સફર કરવા માટે આગામી દિવસોમાં કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદના રમેશભાઈ દેસાઈ દ્વારા ડીસીબી પોલીસ મથકે લેન્ડ ગ્રેબિંગ અંગેની ફરિયાદ 26 ફેબ્રુઆરીએ નોંધાવાઈ હતી. જેમાં ટ્રી હાઉસ એજ્યુકેશન એન્ડ એસેસરીઝ લી કંપનીના ડાયરેક્ટરો સહિત 10 આરોપી સામે ગુનો દાખલ કરાયો હતો. અમદાવાદમાં શૈક્ષણિક સંસ્થાઓ ચલાવતા અને જમીન મિલકતો ખરીદ વેચાણ કરવાની અને ભાડે આપવાની પ્રવૃત્તિ કરતા જેબર રિયાલિટી એલએલપી કંપની વતી રમેશભાઈએ ફરિયાદ નોંધાવી હતી. ટ્રી હાઉસ સ્કૂલના ડાયરેક્ટરો દ્વારા સ્કૂલ બનાવ્યા બાદ બેંકમાંથી લીધેલી લોન ભરપાઈ થઇ શકી ન હતી. જેથી આર્થિક સંકટમાં મુકાયેલા ડાયરેક્ટરોએ ટ્રી હાઉસ સ્કૂલની અટલાદરા સર્વે નંબર 49 ની 4806 ચોમી જમીન વેચવાનું નક્કી કરાયું હતું. આ અંગે રમેશભાઈ દેસાઈનો સંપર્ક કરાયો હતો અને 18 કરોડમાં જમીન અને બિલ્ડિંગ વેચવાનું બે વર્ષ અગાઉ નક્કી થયું હતું. સ્કૂલ સંચાલકો ચલાવશે એની સામે મહિને 1.5 લાખ રૂપિયા ભાડું આપવાનું નક્કી થયું હતું. એ મુજબ રમેશભાઈએ જુદા જુદા સમયે બેંક ટ્રાન્સફર અને ચેકથી 18 કરોડ રૂપિયા ટ્રી હાઉસ એજ્યુકેશન એન્ડ એસેસરીઝ લી.ને ચૂકવી દેતાં દસ્તાવેજ કરી આપ્યો હતો. દસ્તાવેજ કરી આપવા છતાં કબજો સોંપવામાં નહીં આવતા લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ થઇ હતી. આરોપીઓને શોધવા હ્યુમનસોર્સિસ તેમજ ટેકનિકલ સોર્સિસના આધારે તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને મહારાષ્ટ્રના મુંબઈ ખાતે હોવાની હકીકત આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા મલાડ ઈસ્ટ ખાતેથી ગુનામા સંડોવાયેલ દિપેન વિજયકુમાર શાહ રહે. જીવન વિભુતી કો.ઓ. સોસાયટી, ડી.પી.રોડ, બી.એમ.સી. હોસ્પિટલ પાસે મુંબઈ, મહારાષ્ટ્ર, મુળ રહે. શ્રીરામકુંજ કો.ઓ. સોસાયટી, મલાડ, ઈસ્ટ મુંબઈ, મહારાષ્ટ્ર અને મિલીન ઉર્ફે માલીન જગદિશભાઈ રામાની હાલ રહે. દિલીપ નંદિની કો.ઓ. સોસાયટી, મલાડ, ઈસ્ટ મુંબઈ, મહારાષ્ટ્ર. મુળ રહે. બનારસી મેન્સન, મલાડ, ઈસ્ટ મુંબઈ, મહારાષ્ટ્રને શોધી કાઢ્યા હતા અને આરોપીઓની ધરપકડ કરીને વડોદરા લાવવામાં આવ્યા હતા. હાલમાં પણ આ મામલે ક્રાઈમબ્રાંચ કાર્યવાહી કરી રહી છે.

### વિદ્યાર્થીઓની ધમાકેદાર એન્ટ્રી થતા યુનિવર્સિટી સમેત પોલીસ તંત્ર દોડતું થયું

# બંગલો ખાલી નહીં કરતા વિદ્યાર્થી જૂથનું હલ્લાબોલ 15મી સુધી ખાલી કરવા વીસીની હૈયાધારણા

**નફ્ફટાઈની** હદ વટાવી, હજી ક્યાં સુધી યુનિવર્સીટી છાવરશે : પાર્થ પંડ્યા



(પ્રતિનિધિ) વડોદરા,તા.12

એમ એસ યુનિવર્સિટીમાં ફરી પૂર્વ વિવાદિત બીસી નું ભૂત ધુણ્યું છે વિશે યુનિવર્સિટીના તમામ નીતિ નિયમોને નેવી મૂક્યા હતા ત્યારે વીસી બંગલો ખાલી નહીં કરવામાં આવતા બુધવારે મોડી રાત્રે વિદ્યાર્થી જૂથ ધનવંતરી બંગલા ખાતે પહોંચ્યું હતું અને વીસી બંગલો ખાલી કરે તે માટે હલ્લાબોલ કર્યું હતું.

વિશ્વવિખ્યાત મહારાજા સરસ સયાજીરાવ યુનિવર્સિટીની દુર્દશા કરનાર યુનિવર્સિટીના પૂર્વ વીસી વિજય કુમાર શ્રીવાસ્તવની સામે ફરી એક વખત વિવાદ ઊભો થયો છે યુનિવર્સિટીના એક પ્રોફેસર દ્વારા હાઇકોર્ટમાં પિટિશન દાખલ કર્યા બાદ તેઓએ રાજીનામું આપી દીધું હતું. તેમ છતાં પણ તેમણે આજ દિન સુધી યુનિવર્સિટીમાં પોતાનો રુઆબ જમાવવા માટે યુનિવર્સિટીમાં પોતાનો હાઉ ઉભો કરવા સત્તાધીશોને કોઈકના ઈશારે દબાવવાનો પ્રયાસ કર્યો હતો યુનિવર્સિટીના તમામ નીતિ નિયમોને નેવી મૂકીને તેમણે વીસી બંગલો ખાલી કર્યો ન હતો. પોતાના દીકરાની પરીક્ષા હોવાનું કારણ આગળ ધરી દઈને આગામી 15 મી તારીખ સુધી બંગલો ખાલી કરશે ની મુદત માંગી હતી જોકે આદરીબેન બુધવારે રાત્રે વિદ્યાર્થી જૂથો રૂસે ભરાયા હતા અને ધનવંતરી બંગલો ખાતે પહોંચ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓએ તાત્કાલિક બંગલો ખાલી કરે તેવી માંગણી કરી હતી. વિદ્યાર્થી વિકાસ સંઘના અગ્રણી પાર્થ પંડ્યાની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ મુખ્ય દરવાજા ઉપર ચડી જઈને ભારે વિરોધ કર્યો હતો. એક તબક્કે મામલો વધુ બિચકતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે યુનિવર્સિટીના સત્તાધીશોમાં ઈન્ચાર્જ વિશે ડોક્ટર ધનેશ પટેલ સહિતના અધિકારીઓએ આવી પહોંચીને વિદ્યાર્થીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા વિદ્યાર્થીઓને 15 મી તારીખ સુધીમાં પૂર્વ વાઈસ ચાન્સેલર વિજયકુમાર શ્રીવાસ્તવ બંગલો ખાલી કરી દેશે તેવી હૈયા ધારણા આપતા વિદ્યાર્થીઓ પરત ફર્યા હતા.

# ફુડ ડિલિવરી કરતી કંપનીના 310 કર્મી વિરુદ્ધ ટ્રાફિક દ્વારા કાર્યવાહી

**હેલ્મેટ** નહી પહેરી અને રોંગ સાઇડ વાહન ચલાવતા કર્મચીરઓ વિરુદ્ધ પોલીસની ઝુંબેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

શહેરમાં ઓનલાઈન ઓર્ડર થયેલા ફૂડની ઓનલાઈન ડિલિવરી કરવાની ઉતાવળમાં સ્વીગી તથા ઝોમેટો કંપનીના કર્મચારીઓ ટ્રાફિકના વિવિધ નિમયોનું ઉલ્લંઘન કરે છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા આવા ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી છે. જેમાં અત્યાર સુધીમાંફુડ ડિલિવરી કરતા 310 કર્મચારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરાઈ છે.

શહેરમાં બિલાડીના ટોપની જેમ ઓનલાઈન ફુડ ડિલિવરી કરતી સ્વિગી અને ઝોમટે કંપનીઓમાં મોટી સંખ્યામાં યુવકો ફુડ ડિલિવરીના કામ કરવા માટેની નોકરી કરતા હોય છે અને ઓનલાઈન ઓર્ડર કરાયેલું ફુડ ઝડપથી ગ્રાહકો સુધી પહોંચાડવા માટે ટ્રાફિકના નિયમોનો સરેઆમ ભંગ કરતા જોવા મળતા હોય છે. સમય ઓર્ડર પતાવવાની લ્હાયમાં યુવકો હેલ્મેટ પહેર્યા વિના તેમજ ઓવરસ્પીડિંગ અને રોંગ સાઈડમાં વાહન દોડવતા હોય છે. ત્યારે આવા ટ્રાફિકના નિયમનો ઉલ્લંઘન કરનાર ચાલકો વિરુદ્ધ ટ્રાફિક પોલીસ દ્વારા એક પ્રકારની સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરાઈ હતી. જેમાં પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે વાહનચાલકો સમજ પણ કરવામાં આવે છે. ઓનલાઈન ફુડ ડિલિવરનું કામ કરતા કર્ચારીઓ ઉતાવળમા અન્ય લોકોના જીવ જોખમમાં મકતા હોય તે રીતે જોખમી ડ્રાઈવિંગ કરે છે જેના કારણે આવા કર્મચારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવા સાથે ડોક્યુમન્ટસ ન હોય તેમને વાહન ડિટેન કરી દંડ પણ ફટકારવામાં આવે છે. જેમાં 12 માર્ચના 16 અને અગાઉના 310 વાહનો ચાલકો ટ્રાફિકમના નિયમ ભંગ કરવા બદલ તેમની વિરુદ્ધ કાર્યવાહી કરીને તેમની પાસેથી દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. ઉપરાંત 5 લોકો વિરુદ્ધ અન્ય લોકોના જીવ જોખમમાં મુકતા હોય તેનો ગુનો દાખલ પણ કરાયો છે.

### આજવા રોડ એક્તાનગરમાં બાળકોના ઝઘડામા મોટાએ બાખડી મારામારી કરતા ધિંગાણુ

# પોલીસ કર્મીને વરધી ઉતારી દેવાની ધમકી આપી મરચાની ભુકી ફેંકી, વાન પર પણ પથ્થરમારો

**પોલીસે** કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ કિશોર સહિત બંને પરિવારના 11 લોકો વિરુદ્ધ રાયોટિંગનો ગુનો નોંધ્યો

**તેમને** પોલીસ સ્ટેશન આવવા કહેતા મામલો બિચક્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરાના આજવા રોડ પર એકતા નગરમાં મુસ્લિમ બાળકો વચ્ચે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બંને બાળકોના પરિવારના સભ્યો પણ બાખડતા ભારે ધીંગાણું મચી ગયું હતુ. વાતાવરણ વધુ ન વણશે તેના માટે પોલીસ કર્મચારીઓ દોડી આવ્યા હતા ત્યારે મુસ્લિમ લોકોના ટોળાને પોલીસ સ્ટેશન આવવાનું કહેતા તેઓએ વરધી ઉતારી દેવાની ધમકી આપવા સાથે વાન પર પથ્થરો ફેંકવા સાથે પોલીસ કર્મચારી પર મરચાની ભુકી પણ ફેંકી હતી. જેમાં પોલીસ વાનનો કાચ તૂટી ગયો હતો. જેથી પોલીસે બંને પરિવારના 11 લોકો વિરુદ્ધ રાયોટિંગનો ગુનો નોંધી 7 લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા એકતાનગરમાં રહેતા મુસ્લિમ બે બાળકો તાવીજ કે કોઈ ચેન પહેરવાં બાબતે ઝઘડો થયો હતો. ત્યારબાદ પણ બંને બાળકોના પરિવારના સભ્યો પણ બાખડયા હતા અને સામસામે મારા મારી કરવા લાગ્યા હતા. તે દરમિયાન ઉશ્કેરાયેલા લોકોએ એકબીજા પર પથ્થર મારો તથા મરચાની ભૂકી ફેંકી હતી. દરમિયાન એકતાનગરમાં ધીંગાણું મચી ગયું હતું. જેની જાણ પોલીસને થતા બાપોદ પોલીસ વાન લઈને આવી પહોંચી હતી ત્યારે લઘુમતી કોમના બંને પરિવારના ટોળાને ઝઘડા મુદ્દે પોલીસ સ્ટેશનમાં આવી ફરિયાદ આપવા માટેનું કહેતા તેઓએ નહી આવવાનું જણાવીને લોકરક્ષક ભરતભાઈ સાથે ઝપાઝપી કરી ગાળો આપવા લ્ગાય હતા. ત્યારબાદઘરમાંથી મરચાની ભુક્કી લઈને આવીને પોલીસ કર્મચારી પર ફેકી હતી અને ઉપરાંત પથ્થરમારો કર્યો હતો. જેના કારણે પોલીસ વાનના કાચ પણ તૂટી ગયા હતા. જોકે પોલીસ કર્મચારીને ઈજાઓ પહોંચી ન હતી. પોલીસ વાન પર ચડી ગયા હતા અને જોરજોરથી બુમાબુમ કરવા લાગ્યા હતા. જથી બંને પરિવારના મળીને 11 સામે પોલીસે રાયોટિંગનો ગુનો નોંધી 7 લોકોની ધરપકડ કરાઈ હતી.



**કોની અટકાયત કરાઈ**

મુસ્કાન પઠાણ, સાહિલ શેખ, સમીર પઠાણ, ચાન્વી, ખુશી સલમાન કુરેશી, મોસીન કુરેશી, મોઇન કુરેશી (રહે. એકતાનગર)

### એમએસયુ પોલીસ છાવણીમાં ફેરવાઈ

# એમએસયુમાં વિદ્યાર્થી જૂથ વચ્ચે અથડામણ





**પોલીસ** આવતા પહેલા વિદ્યાર્થીઓના ટોળાં વિખેરાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં ફરી એક વખત વિદ્યાર્થી જૂથ વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. હોળી ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી રહી હોય ત્યારે, યુનિવર્સિટીમાં કોમર્સ ફેકલ્ટી ખાતે સામાન્ય બાબતે વિદ્યાર્થીઓ અંદર દાખલ થતા મામલો ઘરમાં આવ્યો હતો. જો કે પોલીસ આવી પહોંચતા મામલો થાળે પડ્યો હતો.

અનેક વિવાદોના વંટોળમાં ઘેરાયેલ મહારાજા યુનિવર્સિટીમાં ફરી એક વખત વિદ્યાર્થી જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જોકે આ મારામારીમાં કોઈ ફરિયાદ દાખલ થઈ ન હતી. સ્કૂલ કોલેજોમાં આજે અંતિમ દિવસ હોય વિદ્યાર્થીઓ દ્વારા બીફોર ધુળેટી પર્વની એક દિવસ પૂર્વે ઉજવણી કરવામાં આવી રહી હતી આ સમય દરમિયાન વિદ્યાર્થી જૂથ બાખડીયા હતા. એન એસ યુનિવર્સિટી ની સૌથી મોટી કહેવાથી કોમર્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થીનીઓ રંગોના પર્વ ધુલેટીની ઉજવણી કરી રહ્યા હતા આ દરમિયાન કેટલાક વિદ્યાર્થી ચોથો વચ્ચે સામાન્ય બાબતે જૂથ અથડામણ થઈ હતી જેના કારણે યુનિવર્સિટીમાં નાસભાગના દ્રશ્યો પણ સર્જાયા હતા.

બનાવની જાણ થતા જ સયાજીગંજ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો. પોલીસ આવતા પહેલા જ વિદ્યાર્થી જૂથો વિખેરાયા હતા. જ્યારે એમ.એસ. યુનિવર્સિટી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. જ્યારે બીજી તરફ છુટા હાથની મારામારી થઈ રહી હતી. તે દરમિયાન યુનિવર્સિટીમાં ફરજ પર હાજર સિક્યુરિટીનો સ્ટાફ શોભાના ગાંઠિયા સમાન બન્યો હતો.

### સમયસર કરવેરા નહીં ચુકવનાર માટે એક મોટો દાખલો

# વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનો ટેક્સ નહીં ભરનાર મિ.પફ બેકરી સીલ કરાઈ

**બેકરીનું** સંચાલન કરનાર બાકી નીકળતો કરવેરો નહિ ભારે ત્યાં સુધી બેકરી બંધ રહશે




(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના માર્કેટ ચાર રસ્તા પર આવેલી જાણીતી મિ.પફ બેકરી સામે કડક કાર્યવાહી કરી છે. વેરા ન ચૂકવવાને કારણે મિ. પફ સીલ કરી દીધું છે. આ પગલું પાલિકા તંત્ર દ્વારા વેરા ના ભરનારાઓ પર કડક કાર્યવાહી કરવા અને સમયસર કરવેરા નિયમોનું પાલન કરવવાના પ્રયાસોના ભાગરૂપે કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાથમિક અહેવાલો અનુસાર મિ.પફ બેકરી પાસેથી છેલ્લા ઘણા સમયથી અને મોટા પ્રમાણમાં બાકી નીકળતા કરવેરાના ભાગ રૂપે પાલિકા તંત્રે કડક પગલાં લીધા હતા. શહેરના તમામ વ્યવસાયોને કરવેરા પાલનને પ્રાથમિકતા આપવા અને આવા પરિણામો ટાળવા ચેતવણી માટે પાલિકાએ કાર્યવાહી કરી છે. ચૂકવવામાં ન આવેલા કરવેરા વસૂલવાના કોર્પોરેશનના પ્રયાસો વિવિધ નાગરિક સુવિધાઓ અને માળખાગત પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવામાં મદદ કરશે, જેનો સમગ્ર વડોદરા શહેરના વિકાસ તથા નાગરિકોને ફાયદો થાય છે. બેકરીનું સંચાલન કરનાર બાકી નીકળતો કરવેરો નહિ ભારે ત્યાં સુધી બેકરી બંધ રહેશે.

વડોદરા કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનર દ્વારા આસિસ્ટન્ટ કમિશનરો, વોર્ડ ઓફિસરો અને રેવન્યુ ઓફિસરોની મીટીંગ ગતરોજ રાખવામાં આવી હતી અને બાકી રહેલા લક્ષ્યાંકને પહોંચી વળવા હવે વધુ કડક કાર્યવાહી શરૂ કરવા સુચના આપી હતી. સૂચના અનુસાર બાકી વેરો નહીં ભરવા બદલ કોમર્શિયલ મિલકતો સીલ કરવી અને રહેણાંક મિલકતોનો વેરો બાકી હોય તો પાણીના કનેક્શન કાપવા સુધીની પણ કામગીરી કરવામાં આવશે તે જણાવ્યું હતું. જેના ભાગ રૂપે બુધવારે સવાર થીજ પાલિકા તંત્ર એક્શન મોડમાં આવી કાર્યવાહી કરવાની શરૂઆત કરી હતી.

## 23 માર્ચે યોજાનારી ગુજકેટ પરીક્ષાની હોલ ટીકીટ ઓનલાઈન મુકાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા 23 માર્ચ 2025ના રોજ ગુજકેટની પરીક્ષાનું આયોજન કરાયું છે. ગુજરાત બોર્ડ દ્વારા હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પર મૂકાઈ છે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. હોલ ટિકિટમાં કોઈ સુધારા વધારા કરવાના હોય તો બોર્ડ કચેરીએ જઈને કરાવવાના રહેશે.

ગુજકેટ માટેની હોલ ટિકિટ 11 માર્ચથી ડાઉનલોડ થઈ શકશે. ગુજકેટના ફોર્મમાં ભરેલા મોબાઈલ નંબર અથવા ઈમેઈલ આઈડી, જન્મ તારીખ અથવા એપ્લિકેશન નંબર દાખલ કરીને વિદ્યાર્થીઓ હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. આ ઉપરાંત સ્કૂલો ઈન્ડેક્સ નંબર અને રજિસ્ટર્ડ મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને લોગીન કરી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. ટિકિટમાં આચાર્યના સહી સિક્કા કરાવવા જરૂરી નથી. હોલ ટિકિટ સાથે વિદ્યાર્થીઓએ કોઈ એક આઈડી પ્રૂફ સાથે લઈને જવાનું રહેશે.

# વારસિયા પોલીસ સ્ટેશનના PSO વિપુલભાઈની હેડક્વાર્ટર બદલી

**ઇન્ડિયા** અને ન્યૂઝીલેન્ડની ફાઇનલ ક્રિકેટ મેચ ટેબલેટ પર જોતો વીડિયો વાયરલ થયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડ ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચ સરકારી ટેબલેટ પર નિહાળનાર વારસિયા પોલીસ સ્ટેશનના પીએસઓની હેડ ક્વાર્ટર ખાતે બદલી કરી દેવામાં આવી છે.

તાજેતરમાં ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ખરા-ખરીનો જંગ જામ્યો હતો. જેમાં ટીમ ઈન્ડિયાની શાનદાર જીત થઈ હતી. વડોદરા શહેર સહિત સમગ્ર દેશ આ મેચ જોવા માટે ટીવી સામે બેસી ગયો હતો.

ઉપરાંત કેટલાક ક્રિકેટ રશિયા હોય મોબાઈલ લેપટોપ ટેબલેટ તથા જાહેરમાં પડદા પર આ ક્રિકેટની મજા માણી હતી. ત્યારે વડોદરા શહેરના ક્રિકેટમાં રસ ધરાવનાર પોલીસ કર્મચારીઓએ પણ ન્યૂઝીલેન્ડ અને ઈન્ડિયાની આ મેચ જોઈ હતી. પરંતુ વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઓ વિપુલભાઈ સરકારી કામ માટે આપવામાં આવેલા લેપટોપમાં ફાઈનલ મેચ નિહાળી રહ્યા હતા.

ટેબલ પર ટેબલેટ રાખીને પીએસઓ અન્ય કર્મચારીઓ પણ મેચ જોઈ રહ્યા હતા. જેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. જેથી પોલીસ કમિશનર દ્વારા સરકારી ટેબલેટ પર મેચ જોઈ રહેલા પીએસઓ વિરુદ્ધ કાર્યવાહી કરીને તેમની બદલી હેડ ક્વાર્ટર ખાતે કરી દેવામાં આવી છે. જેને લઈને અન્ય કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

### ગુરુવારે સવારે 9:27 થી પૂર્ણિમા તિથિનો પ્રારંભ થતો હોય ઉદિતની પૂર્ણિમા 13માર્ચ ગુરુવારે જ રહેશે

# આજે સાંજે 6 થી 6:55 દરમિયાન હોળી પ્રગટાવાશે

**ભદ્રા** સવારે 10:37 મિનિટથી રાત્રે 10:28 સુધી રહેશે જ્યારે 14 માર્ચે ધૂળેટી પર્વ ઉજવાશે



(પ્રતિનિધિ) વડોદરા તા 12

તા.13 માર્ચ ને ગુરુવારે ચતુર્દશી હોવા છતાં ઉદિત તિથિ તરીકે ગુરુવારે પૂર્ણિમા ઉજવવામાં આવશે અને સાંજે 6 થી 6:55 દરમિયાન હોલિકા દહન કરવામાં આવશે.ગુરુવારે સવારે 9:27 થી પૂર્ણિમાનો પ્રારંભ થાય છે પૂર્ણિમા તિથિ પ્રારંભમાં હોય ઉદિતની પૂર્ણિમા 13માર્ચ ગુરુવારે જ રહેશે જ્યારે ભદ્રા સવારે 10:37 થી રાત્રે 10:28 મિનિટ સુધી રહેશે પરંતુ ગુરુવારે ભદ્રાને પૂણ્યતિથિ માનવામાં આવે છે માટે સાંજે 6 થી 6:55 દરમિયાન હોલિકા દહન નું મુહૂર્ત ઘણા મંદિરો તથા મંડળોએ માન્ય રાખ્યું છે.જ્યારે 14 માર્ચ ને શુક્રવારે બપોરે 12:25 થી હોળાષ્ટક પૂર્ણ થાય છે ધૂળેટી આ દિવસે ઉજવવામાં આવશે.

આ વર્ષે લોકોને હોળી ક્યારે પ્રકટાવવી તેને લઈને અસમંજસની સ્થિતિ સર્જાઇ છે કારણ કે ગુરુવારે ચૌદશ તિથિ છે અને સવારે 10:37 થી રાત્રે 10:28 મિનિટ સુધી હોળીમાં ભદ્રા રહેશે પરંતુ બીજી તરફ ગુરુવારે સવારે 9:27 થી પૂર્ણિમા તિથિનો પ્રારંભ થતો હોય ગુરુવારે ઉદિતની પૂર્ણિમા રહેશે. મંદિરો તથા મંડળોએ ઉદિતની પૂર્ણિમા હોય ગુરુવારે જ પૂણ્યવતિ ભદ્રા ને માન્ય રાખી સાંજે 6 થી 6:55 દરમિયાન હોલિકા દહન કરવાનું નક્કી કર્યું છે.ભદ્રા પૂર્ણ થયા પછી રાત્રે 10:44 પછી હોળી પ્રકટાવાય તો રાત્રે વિલંબ થાય તેથી જ પૂણ્યવતિભદ્રા ને માન્ય રાખવામાં આવી છે. તા. 14 મી માર્ચે શુક્રવારે બપોરે 12:25 મિનિટે હોળાષ્ટક પૂર્ણ થાય છે ધૂળેટી શુક્રવારે મનાવવામાં આવશે.સાથે જ શુક્રવારે સાંજે 6:51 કલાકથી સૂર્ય ગ્રહનું ગોચર ભ્રમણ મીન રાશિમાં શરુ થાય છે જેને મીન સંક્રાંતિ પણ કહેવાય છે આ મીન સંક્રાંતિનો પૂણ્યકાળ મધ્યાહ્ન થી સૂર્યાસ્ત સુધી રહેશે.

ગુરુવારે સાંજે હોલિકા દહન દરમિયાન હોળીના પૂજનમાં અબીલ ગુલાલ કંકુ ચોખા,ધાણી, ચણા, ખજૂર, શ્રીફળ અને કેરીના મરવા ચઢાવવામાં આવે છે સાથે જ તમામ વસ્તુઓ હોલિકામા હોમતા સમયે ઓમ હોલિકાયૈ નમ:: અથવા તો ઓમ નમો ભગવતે વાસુદેવાય નમઃ ના જાપ સાથે હોલિકાની પ્રદક્ષિણા કરવી જોઈએ જેનાથી નિરોગી આયુષ્ય પ્રાપ્ત થાય છે. તા.14મી માર્ચે બપોરે 12:25 હોળાષ્ટક પૂર્ણ થાય છે.આ દિવસે ખગ્રાસ ચંદ્રગ્રહણ પણ છે પરંતુ ભારતમાં દેખાશે નહીં જેથી ધાર્મિક રીતે ગ્રહણના કોઈ નિયમ કે સૂતક પાળવાના રહેશે નહીં તેમ ભાગવત્ કથાકાર અને જ્યોતિષાચાર્ય શાસ્ત્રી નયનભાઈ જોશીએ જણાવ્યું છે.

### હોળી પ્રગટાવવા માટે રોડ-રસ્તા પર ખાડા નહીં ખોદવા કોર્પોરેશન દ્વારા અપીલ

વડોદરા મહાનગરપાલિકાની રોડ શાખા દ્વારા જણાવ્યું છે કે, હોળી નિમિત્તે જાહેર માર્ગો પર સીધા ડામર રોડ પર ખાડા ખોદીને ઘાસ, છાણા, લાકડા મૂકીને હોળી પ્રગટાવવાથી હોળીની જ્વાળાની સીધી ગરમી ના કારણે રોડ રસ્તા ના ડામર પીગળી જવાથી રસ્તાઓના જંક્શન તૂટી જાય છે જેથી હોળી પ્રગટાવવાના સ્થળે ડામર ઉપર છાણ માટેનું જાડુલી પણ કરવું જરૂરી છે તથા તેની ઉપર ઈંટો અથવા રેતી માટીનું સ્થળ પાથર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવે તો જાહેર માર્ગોને થતું નુકસાન નિવારી શકાય તેમ હોવાનું જણાવ્યું છે.

### જવાબ આપવા માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો

# વિબગ્યોર સ્કૂલને દંડાત્મક કાર્યવાહી બાદ એફઆરસીએ નોટિસ ફટકારી

**વાલીઓ** સામે આવ્યા બાદ તંત્ર જાગતા કાર્યવાહી કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વિબગ્યોર સ્કૂલને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ 30 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યા બાદ હવે ફી રેગ્યુલેશન કમિટીએ શો કોઝ નોટિસ ફટકારીને સાત દિવસમાં જવાબ આપવાનો આદેશ આપ્યો છે.

વડોદરાની વિબગ્યોર સ્કૂલે એફઆરસીએ નક્કી કરેલી ફી લેવાના આદેશનું પાલન કર્યું નથી. સ્કૂલ દ્વારા વાલીઓને એફઆરસીની ફીને લગતી જાણકારી આપવામાં આવતી નથી. સ્કૂલના નોટિસ બોર્ડ પર પણ એફઆરસીએ નક્કી કરેલી ફી દર્શાવી નથી. ઉપરાંત વાલીઓ પાસે નવા શૈક્ષણિક વર્ષના બે ક્વાર્ટરની ફી એડવાન્સમાં માગવામાં આવી રહી છે. જે પણ નિયમનું ઉલ્લંઘન કરતા હોવાનું એફઆરસીના સભ્યોએ જણાવ્યું હતું. મહત્વનું છે કે, વાલીઓએ કરેલી ફરિયાદ બાદ ડીઈઓ કચેરીના અધિકારીઓની ટીમ તપાસ માટે ગઈ ત્યારે પણ સ્કૂલ સંચાલકોએ જરૂરી દસ્તાવેજો તાત્કાલીક પૂરા પાડવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે, અમે આ દસ્તાવેજો ભેગા કરીને મોકલી આપીશું. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સ્કૂલને શો કોઝ નોટિસ આપવામાં આવી છે અને સ્કૂલ સામે કાર્યવાહી કેમ નહીં કરવી તેનો જવાબ આપવા માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો સ્કૂલ સાત દિવસમાં જવાબ નહીં આપે તો તેની સામે એકપક્ષીય કાર્યવાહી કરવામાં આવશે. ફી કમિટિના સભ્યોનું કહેવું છે કે, 2024-25માં સીબીએસઈ માટે સ્કૂલ દ્વારા ધો.1 થી 12 માટે 1.58 લાખથી માંડીને 2.14 લાખ રૂપિયા ફી નક્કી કરવામાં આવી હતી. જેની સામે એફઆરસીએ 85000 રૂપિયાથી લઈને 1.01 લાખ રૂપિયા ફી નક્કી કરી હતી. જેની સામે વાલીઓ વિરોધ કરી રહ્યા હતા અને તાજેતરમાં તેમણે ડીઈઓ કચેરીમાં સ્કૂલ સંચાલકો મનમાની કરી રહ્યા હોવાની ફરિયાદ કરી હતી.